# શાકભાજીના ભાવમાં ધરખમ ઉછાળો આવતા ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું

ભિલોડા,તા.૨૪

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શાકભાજીના ભાવ આસમાને આવતા ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું છે. વરસાદ ખેંચાતા શાકભાજીના ભાવોમાં ધરખમ ઉછાળો આવતા ગૃહિણીઓને પરસેવો છોડાવી દીધો હોવાનું જાગૃત મહિલાઓએ જણાવ્યું હતું. તાજેતરમાં નોર્મલ ભાવની કિંમતથી મળતી શાકભાજીના ભાવોમાં તોતીંગ ભાવવધારો આવેલ છે.

ચોમાસાની સીઝનમાં શાકભાજીના ભાવોમાં ધરખમ ભાવ વધારો આવતા અંદાજીત ૩૦ થી ૪૦ ટકા સુધીનો શાકભાજીના ભાવમાં ઉછાળો આવેલ છે. શાકભાજીના પાકમાં ઉતારો ઓછો આવતો હોવાના કારણે શાકભાજીના ભાવોમાં ધરખમ તેજી જોવા મળેલ છે. શાકભાજીના ભાવોમાં જંગી ઉછાળો આવતા આ તેજીના ભાવો શાકભાજી પકવતા ખેડુતો માટે નથી. હોલસેલ તેમજ રીટેલ વેપારીઓ માટે કૃત્રિમ તેજીના ભાવ શાકભાજી માર્કેટમાં ગ્રૃહિણીઓને સાંભળવા મળતા હોય છે. કાળઝાળ અસહ્ય મોંઘવારીના જમાનામાં ગરીબ અને મધ્યમ વર્ગના પ્રજાજાનોને શું ખાવું અને શું ના ખાવું તેવી સમસ્યા સર્જાઈ છે. શાકભાજીના ભાવ ભડકે બળતા હોવાના કારણે ગરીબ વર્ગ આર્થિક મેશ્કેલીમાં મુકાયો છે. ગરીબ મજુરીયાત વર્ગના લોકો દિવસ-રાત કાળી મજુરી કરી માંડ-માંડ પેટીયું રળતા હોય છે ત્યારે એકા-એક શાકભાજીના ભાવમાં ધરખમ ભાવવધારો આવતા પ્રજાજનો મુશ્કેલીમાં મુકાયા છે.

શાકભાજી માર્કેટમાં લારીઓ ઉપર ગૃહિણીઓ રીતસરના આટાં-ફેરા મારી ભાવ બાબતે રકઝક કરતી હોય છે.ગરીબ અને મધ્યમ વર્ગની ગૃહિણીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે.ગરીબ લોકોની કસ્તુરી સમાન ડુંગળીનો ભાવમાં ધરખમ વધારો થયો છે. ઘઉં, ચોખા, મકાઈ, અળદ, મગ તેમજ તુવેરના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે ઓછી આવકમાં ઘર ચલાવતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની હાલત ખરાબ છે.


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અમુક બે નંબરીયા વેપારીઓ ધ્વારા શાકભાજી તેમજ ફ્રુટના ઉંચામાં ઉંચા ભાવો ગ્રાહકો પાસેથી વસુલતા હોવાનું જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું. પ્રજાજનોને ખાદ્ય ચીજવસ્તુઓનો પુરવઠો ઓછા આવતો હોય ત્યારે ગ્રાહકોની માંગનું પ્રમાણ એકસરખુ રહેવાથી શાકભાજી તેમજ ફ્રુટના ભાવોમાં એકા-એક કૃત્રીમ ઉછાળો આવ્યો હશે તેમ લોકમુખે જાણવા મળેલ છે.

ભિલોડા ટાઉન મીની પોલીસ ચોકી, મઉં ચાર રસ્તા પાસે શાકભાજી માર્કેટ આવેલ છે. શાકભાજી માર્કેટમાં અંદાજીત ૧૦૦ થી વધુ શાકભાજી વેચતા અમુક બે નંબરીયા વેપારીઓના વજન કાંટા સાચા છે કે ખોટા તે પ્રશ્ન સતત ગૃહિણીઓને સતાવતો હોય છે.અમુક શાકભાજી વેચતા વેપારીઓ એવા છે કે પથ્થરના બાટ બનાવી ધોળા દિવસે બિન્દાસ્ત વેપાર કરતા હોય ત્યારે વજનમાં ગેરરીતી કરતા હશે તેમ લોકમુખે પણ ચર્ચાય છે. લાગતા-વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી કરવા ગૃહિણીઓની પ્રબળ લોકમાંગણી છે.

# મોડાસામાં નિર્માણધીન કોમ્પ્લેક્સ સામે નગરપાલિકાનો મનાઈ હુકમ

મોડાસા, તા. ૨૫

મોડાસા શહેરના કૉલેજ રોડ પર પાલિકાની મંજૂરી વગર કોમ્પ્લેક્સનું બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. આ અંગે નગરપાલિકાને ફરિયાદ મળતાં કોમ્પ્લેક્સનું બાંધકામ કરનારને નોટીસ ફટકારી તાબડતોબ મનાઈ હુકમ આપવામાં આવ્યો છે. બીજી બાજુ આ બિનઅધિકૃત બાંધકામ દુર કરવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

મોડાસામાં ઠેર ઠેર પાલિકાની મંજૂરી મેળવ્યા સિવાય બાંધકામો તાણી બાંધવામાં આવી રહ્યા છે. નગરપાલિકાના કાયદાને ધોળીને પી જઈ અનેક લોકો ગેરકાયદેસર રીતે બાંધકામ કરતા હોય પાલિકાએ આવા બિનઅધિકૃત બાંધકામો સામે લાલ આંખ કરવાનું શરૂ કરી દીધું છે. મોડાસામાં કૉલેજ રોડ ઉપર મખદૂમ સોસાયટી સામે કિંગ ડેવલોપરના આશિફ શકુરભાઈ રાજા દ્વારા સર્વે નં. ૩૪૩ના પ્લોટ નં. ૧માં કોમ્પ્લેક્સનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. નગરપાલિકાની કોઈ જ પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય આ જગ્યાએ બિલ્ડીંગ ઉભું કરવામાં આવી રહેલ હોવાની લેખિત રજૂઆત થઈ હતી. જેથી તાબડતોબ પાલિકાએ આ બાંધકામ સામે મનાઈ હુકમ ફરમાવી દીધો છે.

નગરપાલિકાના ચીફ ઓફિસરે કિંગ ડેવલોપરને નોટીસ ફટકારી પાલિકાની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય શરૂ કરેલ બાંધકામ તાત્કાલીક બંધ કરી જો મંજૂરી લીધેલ હોય તો દિન ત્રણમાં આધાર પૂરાવા રજૂ કરવા તાકિદ કરી છે. સાથે જ મનાઈ હુકમ મળ્યેથી ચાલુ કરેલ બાંધકામ બંધ કરાવી દેવું અન્યથા મુદત વિતે બિનઅધિકૃત બાંધકામ દૂર કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી છે. શહેરના મુખ્ય માર્ગ પર ધમધમતા વિસ્તારમાં નગરપાલિકાની મંજૂરી વગર જ મસ મોટું બિલ્ડીંગ તાણી બાંધવામાં આવી રહ્યું હતુ ત્યારે નગરપાલિકાએ હાલ બાંધકામ ઉપર રોક લગાવી દઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે. પાલિકાના આ આકરા પગલાથી ગેરકાયદેસર બાંધકામ કરનારાઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

# પ્રાંતિજની ચિત્રિણી કોલેજનું ગૌરવ

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજની ચિત્રિણી નર્સિંગ કોલેજ ચોથા વર્ષમાં અભ્યાસ કરતી



જીજ્ઞા પટેલ યુનિવર્સિટીકક્ષાએ અવ્વલ આવી કોલેજને ગૌરવ અપાવ્યું હતું.

પ્રાંતિજના જુના બાકલપુર પાસે ચિત્રિણી નર્સિંગ કોલેજમાં બી.એસ.સી. નર્સિંગની વર્ષ ૨૦૧૩-૧૪ યુનિવર્સિટી દ્વારા ચોથા વર્ષની વાર્ષિક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ચિત્રિણી કોલેજની જીજ્ઞાબેન હસમુખભાઈ પટેલે ૮૦.૬૭ ટકા સાથે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. અને સાબરકાંઠા જિલ્લા સહિત કોલેજનું ગૌરવ વધાર્યું હતું. ચાલુ વર્ષે કોલેજનું બી.એસ.સી. નર્સિંગનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# આર.જે.તન્ના પ્રેરણા મંદીરના વિદ્યાર્થીઓએ ૩૪ બટાલીયન એન.સી.સી.માં ૫ ગોલ્ડ મેડલ મેળવ્યા

ભિલોડા,તા.૨૫

ભિલોડા માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા મંદીરના એન.સી.સી. કેડેટ્સ નડીયાદ પાસેના વડતાલ ખાતે એન.સી.સી. કેમ્પમાં ગયા હતા.જ્યાં સમગ્ર ગુજરાતમાંથી જુદી-જુદી બટાલીયનના ૪૫૦ કેડેટ્સે ભાગ લીધો હતો. આર.જે. તન્ના પ્રેરણા મંદીરના કેડેટ્સ ધ્વારા ફાયરીંગ, ડ્રીલ, સ્પોર્ટ્સ, બેસ્ટ કેડેટ્સ જેવી વિવિધ પ્રવૃતીઓમાં ભાગ લીધો હતો. ૫ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર મેડલ, બ્રાંજ મેડલ મેળવેલ છે. શાળામાંથી ૧૦ કેડેટ્સ ભાગ લેવા ગયા હતા. આ સિધ્ધી મેળવવા બદલ શ્રી અર્બુદા સેવા સંઘ, મંત્રી દામુભાઈ પટેલ, એન.સી.સી. ઓફીસર દિનેશભાઈ ચૌધરી, તમામ ભાગ લેનાર કેડેટ્સને બિરદાવ્યા હતા.

# આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજની સામાન્ય બેઠક મળી

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં લોકવન મંડળીના હોલમાં સાબરકાંઠા-અરવલ્લી આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજની જનરલ સભાનો કાર્યક્રમ યોજાયો હતો. આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજના અગ્રણીઓ, સામાજીક કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ પદે નવજીભાઈ ભાંણાજી ગામેતી સિયાસણવાળા, મહામંત્રી પદે ખીમજીભાઈ સુકાજી ગામેતી કણાદરવાળાની નિમણુંક કરાતા આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# દિયોદરની પાલડી મીઠી દૂધ મંડળીના દૂધ ઘર અને બલ્ક યુનિટનું ઉદ્‌ઘાટન કરાયું

પાલનપુર, તા. ૨૫

બનાસડેરી સંલગ્ન દિયોદર તાલુકાની ધી પાલડી મીઠી (મોદીવાસ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના નવીન 'દૂધઘર'નું ઉદ્‌ઘાટન બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ તથા નવીન 'બલ્કયુનિટ'નું ઉદ્‌ઘાટન દિયોદર મતવિસ્તારના ધારાસભ્ય કેશાજી ચૌહાણના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બનાસડેરીના ડીરેક્ટર તેજાભાઈ પટેલ, માર્કેટયાર્ડના ચેરમેન શીવાભાઈ ભુરીયા, તા. સંઘના ચેરમેન ઈશ્વરભાઈ તરક, તા. પંચાયત પ્રમુખ નીતિનભાઈ ઠક્કર, તા. કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ, બનાસબેંકના ડીરેક્ટરશ્રી તેજાભાઈ પટેલ, જિ. પંચાયતના સદસ્ય શ્રી ભરતભાઈ ઠાકોર, તા. સંઘના પૂર્વ ચેરમેનશ્રી માલજીભાઈ દેસાઈ, ઉકાભાઈ રાજપુત તેમજ સહકારી આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં દૂધ ઉત્પાદકો ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહી પ્રસંગની ગરીમા વધારી હતી.



## ગોરમાનો વર કેસરીયો

અષાઢ મહિનાની શરૂઆત થતા બાળાઓ ગૌરીવ્રતનું આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે અને અષાઢી પાંચમથી બાળાઓ ગૌરીવ્રત માટે સાત પ્રકારના અનાજ અને ગાયનું છાણ અને માટી ભેગુ કરીને જવારા ઉગાડે છે અને અષાઢી અગીયારસથી પાંચ દિવસ સુધી રોજ પૂજા અર્ચના કરી ઉપવાસ રાખી પોતાની મનોકામના પુરી કરવા ભાવપૂર્વક શિવજીની ઉપાસના કરે છે. (તસવીર : જય અમીન, મોડાસા)

## ભિલોડામાં વિદ્યાર્થીઓને ગણવેશનું વિતરણ

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨ માં વિદ્યાર્થીઓને યુનિફોર્મ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. સ્વ.જશોદાબેન ભગવાનદાસ ત્રિવેદી પરીવાર, ભિલોડા તરફથી વિદ્યાર્થીઓને સ્કુલ યુનિફોર્મ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

## આર.જે.તન્ના પ્રેરણા મંદીરની મુલાકાતે નેકની ટીમ

ભિલોડા,તા.૨૫

ભિલોડા માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા મંદીરમાં યુનિવર્સિટીની નેકની ટીમે મુલાકાત લીધી હતી. ચેરપર્સન પ્રો.ભાસ્કર મિશ્રા, કો.ઓ. ડૉ.સ્વર્ણલતાજી, નેક ટીમના મેમ્બર ડૉ. એન.કે.બંસલ, નેક ટીમના સભ્યોએ શાળાની મુલાકાત લઈ શૈક્ષણિક કામકાજ તેમજ શાળામાં ચાલતી પ્રવૃતિઓની વિસ્તૃત માહિતી મેળવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ બનાવેલ પ્રોજેક્ટ કાર્ય, વિજ્ઞાન કૃતિઓ નિહાળી હતી. માતૃશ્રી આર. જે. તન્ના પ્રેરણા મંદીરના દર વર્ષે ૨૦થી વધારે વિદ્યાર્થીઓ નેશનલ ગેમ્સમાં પસંદ થાય છે તે વાત જાણીને ખુબ આનંદ થયો હતો. આચાર્ય રમણભાઈ પટેલ, શાળાના શિક્ષકમિત્રોને બિરદાવ્યા પાઠવ્યા હતા.

# બાયડના યુવકે બકરા ફાર્મ ખોલી ઓનલાઈન વેચાણ શરૂ કર્યું

બાયડ, તા. ૨૫

ઉચ્ચ ડિગ્રી મેળવ્યા બાદ કોઈ પણ યુવકનું ઉંચો પગાર, એર કંડીશનર ઓફિસ અને લકઝુરીયસ કાર હોય છે. પરંતુ કેટલાય એવા પણ યુવકો છે કે જે માસ્ટર ડિગ્રી મેળવ્યા બાદ પણ અનોખો વ્યવસાય શરૂ કરી લાખો રૂપિયાની કમાણી કરે છે. બાયડના હઠીપુરા ગામે આ જ રીતે એમ.બી.એ. થયેલ યુવકે ઉંચા પગરની નોકરીઓને ઠુકરાવી બકરા ફાર્મ શરૂ કર્યું છે. આ યુવક જુદા જુદા રાજ્યોમાંથી બકરાની ચુનંદી જાતો લાવી તેનો ઉછેર કરે છે.

બાયડના હઠીપુરા ગામે પ્રફુલભાઈ નટવરલાલ વાળંદે બીબીએ બાદ એમબીએ કર્યું છે. સાથે જ આ યુવક પોસ્ટ ગ્રેજ્યુએટ એન્ડ ડિપ્લોમાં ઈન એગ્રી બીઝનેસ મેનેજમેન્ટ થયેલો છે. ઉંચી ડિગ્રી મળતાં આ યુવકને અનેક કંપનીઓમાંથી નોકરીની ઓફર મળી હતી. પરંતુ તેણે નોકરી સ્વીકારવાને બદલે પોતાનો વ્યવસાય કરવાનું વધુ મુનાસીબ માન્યું હતું. શરૂઆતમાં ગાય ભેંસનો તબેલો શરૂ કરવાનો વિચાર કર્યો પરંતુ તેમાં રોકાણ વધુ હોય દેશના જુદા જુદા રાજ્યોમાંથી બકરાની ચુનંદા જાતો લાવીને તેનું ફાર્મ બનાવ્યું છે.

### ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવાની વિચારણા

યુવકને બકરાનું ફાર્મ શરૂ કરવાનો વિચાર એટલા માટે આવ્યો હતો કે, બકરાની જાત બે વર્ષમાં ત્રણવાર બચ્ચાને જન્મ આપે છે. પરિણામે ઝડપથી ફાર્મમાં બકરાનો વધારો થઈ રહ્યો છે. આગામી દિવસોમાં એનજીઓ મારફતે સરકારી ટ્રેનિંગ સેન્ટર પણ શરૂ કરવાની વિચારણા ચાલી રહી છે. જેમાં ઘરે એક કે બે બકરાનો ઉછેર કરતા પશુપાલકોને પણ યોગ્ય તાલીમ અપાશે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ અંગે પ્રફુલભાઈ વાળંદે જણાવ્યું હતું કે, પોતાનો જ ધંધો શરૂ કરવાની શરૂઆતથી જ ઈચ્છા હતા. આમેય માર્કેટીંગની ડિગ્રી મેળવી હોય ગમે તે ધંધામાં સફળ રહીશ તેવો વિશ્વાસ હતો. આખરે ઓછા મૂડી રોકાણમાં બકરા ફાર્મ શરૂ કરવાનો વિચાર આવ્યો હતો. આ માટે પંજાબની બિટલ, બિહાર અને યુપીની બર્બરી, રાજસ્થાનની સોજત અને સીરોહી, મધ્યપ્રદેશ અને યુ.પી.ની જમનાપરી તેમજ ગુજરાતની પતિરા બકરાની જાતનો ઉછેર કરવામાં આવે છે. આ બકરા ૫૦ થી ૬૦ હજારની કિંમતમાં વેચાય છે. બકરાનું વેચાણ પણ ઓનલાઈન કરવામાં આવે છે. ગુજરાત ગોટ ફાર્મ શરૂ કરી ગોટ એન્ડ શીપ ફાર્મર વેલ્ફેર એસો.માં સભ્યપદ પણ મેળવી લીધું છે જેના આધારે ઉંચી જાતના બકરા ઓનલાઈન વેચી શકાય છે. અત્યાર સુધીમાં ૮૫થી વધુ બકરાનો ઉછેર કરવામાં આવ્યો છે. જે સુરત, મુંબઈ, અમદાવાદ સહિતના મોટા શહેરોમાં વેચાણ કરાય છે.

### પાલકો જોડાય તો દૂધનો પાવડર બનાવવાની તૈયારી

બેબી ફુડમાં બકરીના દૂધના પાવડરનો મહત્તમ ઉપયોગ થાય છે. ટ્રેનીંગ સેન્ટર બાદ જો મોટી સંખ્યામાં પશુપાલકો જોડાશે તો બકરીનું દૂધ એકઠું કરી તેમાંથી બેબી ફુડ માટેનો પાવડર બનાવવા માટેની પણ તૈયારીઓ યુવકે રાખી છે. આગામી બકરી ઈદના સમયમાં જ ૮ થી ૯ લાખ રૂપિયાના બકરાનું વેચાણ આ ફાર્મમાંથી કરવામાં આવશે.

# કુપોષણ મુક્તિ ગુજરાતની દિશામાં યુનિક યુ સ્કૂલમાં ન્યુટ્રિશન માટેની નક્કર શરૂઆત

સાબરકાંઠા, તા. ૨૫

સાબરકાંઠા કલેક્ટર પી. સ્વરૂપ બાળકો અને માતાઓમાં કુપોષણને કાયમી દૂર કરવાની બાબતને અગ્રીમતા આપી રહ્યા છે. તાજેતરમાં તેમના માર્ગદર્શન અને અધ્યક્ષતામાં ઈડરની યુનિક-યુ સ્કૂલ ખાતે ખાસ ન્યુટ્રીશન અવરનેસ ડ્રાઈવની શરૂઆત કરવામાં આવી છે.


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

કલેક્ટરના જણાવ્યા પ્રમાણે કુપોષણને કાયમી ધોરણે દૂર કરવા માટે આહાર અને જીવનશૈલીમાં કાયમી બદલાવ લાવવો જરૂરી છે. આ માટે સરકારશ્રીના આરોગ્ય વિભાગ, વહીવટીતંત્ર, શાળા, વાલીઓ અને અન્ય સેવાભાવી સંસ્થાઓ તથા ઉદ્યોગગૃહો સાથે મળીને કામ કરશે તો લાંબાગાળાના નક્કર પરિણામો મેળવી શકશે.

કલેક્ટરે કુપોષણથી પીડાતા બાળકો દત્તક લેવાની વાત કરી હતી અને યુનિક-યુ સ્કૂલે આસપાસના ૨૫ ગામના ૧૦૦ બાળકોને ૬ મહિનામાં કુપોષણથી સંતુલિત સ્વાસ્થ્ય તરફ લઈ જવાની પ્રતિજ્ઞા કરી હતી. શાળાના બાળકો, માતાઓએ આ પ્રસંગે સંતુલિત આહાર, સંતુલિત જીવનશૈલી દ્વારા સંતુલીત સ્વાસ્થ્ય માટે પ્રતિજ્ઞા કરી હતી.

આ પ્રસંગે રોટરી ક્લબ ઈડર, આંજણા પાટીદાર હિતવર્ધક મંડળ, ટીડીઓ, પ્રતિ ઓફિસરશ્રી અને અન્ય આરોગ્ય વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

યુનિક-યુ સ્કૂલના બાળકો છેલ્લા ત્રણ વર્ષથી ટિફિમાં રોટલી-શાક, ફળ અને કઠોર લાવે છે યુનિક-યુ સ્કૂલે ત્રણ વર્ષમાં વાલીગણ સાથે મળીને સંતુલીત આહાર માટે જે પ્રયત્નો કર્યા છે તેના આધારે આ વર્ષે કલેક્ટરના માર્ગદર્શનમાં વધુ નક્કર આયોજન સાથે પદ્ધતિસરના પ્રયત્નો થશે.

બાળકોમાં પ્રાથમિક કક્ષાએથી જ આહાર અને જીવનશૈલી બાબતે સારી ટેવો વિકસાવવામાં આવશે તો ભવિષ્યમાં આવનાર ત્રણ મોટી બીમારીઓ મેદસ્વીતા, ડાયાબીટીશ અને બ્લડ પ્રેશરથી તેમને બચાવી શકાશે.

યુનિક-યુ સ્કૂલની ન્યુટ્રિશન અવેરનેસ ડ્રાઈવ જેવા પ્રયત્નો અન્ય શાળાઓ પણ કરે તે સ્વસ્થ ભારત માટે આવશ્યક છે.

# બામણા કોલેજમાં ઉમાશંકર જોષીની જન્મ જયંતિ ઉજવાઈ

સાબરકાંઠા જીલ્લાના બામણા ગામમાં સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજ, ડી.એમ.બી.પી. હાઈસ્કુલ, બામણા પ્રાથમીક શાળા, બામણા ગામના સંયુક્ત ઉપક્રમે મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોષીની ૧૦૫મી જન્મજયંતી નિમિત્તે ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ, દુધ મંડળીના ચેરમેન, સેક્રેટરી, કોલેજ આચાર્ય, સ્ટાફમિત્રો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાહિત્યકાર, કવિવર ઉમાશંકર જોષીની જીવન ઝરમર, સુપ્રસિધ્ધ કવિતાઓ ''ગુજરાત મોરી મોરી રે....'' ''ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા''ના સમુહ કાવ્યગાન કરી વિદ્યાર્થીઓએ કવિવર ઉમાશંકરનું આગણું ગાતું કરી દીધું હતું. ગામમાં આનંદની લાગણી પ્રસરી હતી.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD — Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA — ઓથોરાઈઝ્ડ ડીલર — Castrol — EXIDE INDUSTRIES LIMITED — BRIDGESTONE PASSION for EXCELLENCE — JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦